RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-04
April-2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# બાળમજૂરી

ડૉ.જાગૃતિબહેન કે પટેલ

**પ્રસ્તાવના :**

બાળમજૂરી ની સમસ્યા સમગ્ર સમાજ માટે અભિશાપ છે.વિશ્વના વિભિન્ન દેશો અને રાજ્યોની અર્થવ્યવસ્થા પર લાગેલ કલંક છે. ઓદ્યોગિક ક્રાંતિ, શહેરીકરણ, સ્થળાંતર, ગૃહઉદ્યોગો ભાંગી પડવાને લીધે ગ્રામીણ પરિવારો બેહાલ બની ગયાં.રોજીરોટી અર્થે સપરિવાર શહેરમાં આવવા લાગ્યો શહેરમાં ફેકટરી અને કારખાના ના માલિકો આ લોકો પાસે તનતોડ મહેનત કરાવતા અને બદલામાં અત્યંત અલ્પ વેતન ચૂકવતા સ્ત્રી અને બાળકો પણ મજૂરીના કામમાં જોતરાતા આના પરિણામે બાળજૂરીનો ઉદભવ થયો.બાળકો પાસે સખત જૂરી કરાવીને થોડા વેતનમાં વધુ નફો મેળવવાનું વલણ કારખાના કે ફેકટરીઓના માલિકો અપનાવતા વધુ ઉત્પાદન મેળવવાની લાલચમાં બાળકો પાસે નિર્ધારીત સમય કરતાં વધુ કામ લઈને શોષણ કરવા લાગ્યા આને કારણે અનેક સમસ્યાઓ બહાર આવવા લાગી.

–બાળમજૂરીનો અર્થ :–

" બાળમજૂરી એટલે રોજગારી રળતો બાળક "

" જે બાળક ૧૪ વર્ષથી નીચેની ઉંમરમાં કામ કરતો હોય તેને બાળમજૂર કહેવાય. "

–બાળમજૂરીનો ખ્યાલ :–

સામાન્યરીતે આપણે બાળમજૂરીનો અર્થ ઘરમાં નોકર તરીકે કામ કરવું.ચા–નાસ્તાની લારી અને દુકાનમાં કામ કરવું અન્ય મજૂરી કરવી એવો થાય છે.આંતરરાષ્ટ્રીય ક્રમે સંસ્થાને બાળમજૂરીના કામોમાં અનેક પ્રકારના કાર્યોનો સમાવેશ કર્યા છે જેમ કે બાળકો પાસે ગેરકાનુની કાર્ય કરાવવા,નશીલા દ્રવ્યોની હેરાફેરી કરવા માટે ઉપયોગ કરવો છોકરીઓ પાસે વેશ્યાવૃત્તિ કરાવવી,દાસીના કામો કરાવવા,અશ્લીલ સાહિત્યને તૈયાર કરવા માટે તેમનો ઉપયોગ કરવો,બાળકોને વેચી દેવા અથવા ગીરો મૂકવા દેવુ ચૂકવવા પૈસાને બદલે બાળકો પાસે મજૂરી કરાવવી જોખમી કાર્યા કરાવવા વગેરે નો સમાવેશ કર્યો છે આ સિવાય ગેરેજમાં કામ કરવું,વાહનોની સફાઈ કરવી,વર્તમાન નું વિતરણ કરવું .કૂલી તરીકે કનામ કરવું બી.ડી.વળાવવી,બૂટપોલીસ કરવા ,જરીકામ કરવું,ઈટના ભઠ્ઠામાં મજૂરી કરવી જેવા કાર્યો બાળકો કરતાં હોય છે.આમ સામાન્ય અર્થમાં બાળમજૂરી એટલે ૧૪ વર્ષથી ઓછી વયના બાળકોનું આથિક ઉત્પાદનના કાર્યમાં જોડાવવું એવો થાય છે.બાળમજૂર એટલે ગરજવાન સસ્તો મજૂર જે શેઠના જુલ્મોને મુંગે મોઢે સહન કરતો રહે અને શેઠનું બતાવેલું કામ કોઈપણ આનાકાની વગર કરે .

બાળમજૂરીનો ખ્યાલ ૨૦મી સદી ની શરૂઆતમાં પ્રથમ વિશ્વયુધ્ધ બાદ મજૂરોના હીતોનું રક્ષણ કરવા માટેની જરૂરીયાત ઉભી થઈ તેમાંથી ઉદભવ્યો છે.સન ૧૯૧૯ માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની સ્થાપના થઈ તેમાં બાળકોના કામ કરવા બાબતોના સુઝાવો આપ્યા.

બાળમજૂર કોને કહેવાય તે અંગે એકમતતા પ્રવર્તતી નથી.રાષ્ટ્રના બંધારણ ફરજયાત અને મફત શિક્ષણની જોગવાઈ કરી છે તેને ધ્યાનમાં રાખીએ તો જ બાળક ૧૪ વર્ષની નીચેના ઉંમરે કામ કરતા હોયતો તેને બાળમજૂર ગણવો બીજા શબ્દમાં કહીએ તો ૫ થી ૧૪ વર્ષની વયના બાળકો જે અર્થોપાર્જનની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોય તેને બાળમજૂર ગણવા .બાળ મજૂર એટલે રોજગારી રળતો બાળક.

રાષ્ટ્રિય સમિતિના અધ્યક્ષ શ્રી હોમર ફોલ્કસે બાળમજૂરી ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે.

"Any Work By Children That Interferes with their full Physical Development,Their Opportunities for a desirable minimum of education or Their needed Recreation "

શ્રી વી.બી.ગીરીએ બાળમજૂરીની વ્યાખ્યા બે રીતે કરી છે.

૧. આર્થિક વ્યવસાય ના રૂપમાં આ સંદર્ભમાં બાળમજૂર આર્થિક ક્ષેત્રમાં લાભદાયક રોજગારને દર્શાવે છે. જેનાથી કુટુંબની આવક વધે છે.

RRIJM 2015, All Rights Reserved

૨. સામાજિક અનિષ્ટના રૂપમાં આ સંદર્ભમાં બાળશ્રમિક એવા અનિષ્ટો કે શોષણોનું ચિત્ર છે કે જે બાળકને રોજગારમાં લગાવવાથી ઉત્પન્ન થાય છે.

**બાળમજૂરીના કારણો :**

બાળમજૂરી એ આર્થિક સામાજિક સમસ્યા છે તેના મૂળમાં અનેક કારણોનો ઉલ્લેખ વિવિધ દષ્ટિકોણને ઘ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

૧. ગરીબી :

ગરીબીને લીધે દેશમાં ૪૦ ટકા કુટુંબો દરિદ્રતા ભર્યુ જીવન જીવે છે ત્યાં બાળમજૂરી બહુ જટિલ વિષય છે . બાળકો દરિદ્રતાને લીધે મજૂરી કરે છે એની આવકમાંથી ઘર ચાલતું હોય છે જો મજૂરી ન કરે તો જીવવું મુશ્કેલ બને છે માલિક એના કામના બદલામાં આસાનીથી લોન આપે છે.

૨.બેકારી :

બેકારીને લીધે પુખ્ત વયના લોકોને કામ મળતું નથી એટલે કુટુંબના નિર્વાહ માટે બાળકોને કામ કરવા જવું પડે છે આને કારણે બાળમજૂરોની સંખ્યા વધતી જાય છે.

૩. નિરક્ષરતા :

નિરક્ષરતા અને અજ્ઞાનતાને કારણે ઠેકેદારો અને માલિકોના ખોટા પ્રલોભનોમાં લલચાઈ જાય છે તેનાબદલામાં મનસ્વી રીતે કામ લેતા હોય છે.વધારાના સમયનું વેતન આપતા નથી.બાળશ્રમિકોને પોતાના હકકો અને ફરજોનું જ્ઞાન હોતું નથી એટલે લાચાર બનીને કામ કર્યે જાય છે અને બીજા કોઈ લાભો આપવા પડતા ન હોવાથી બાળમજૂરો પસંદ કરવામાં આવે છે.

૪. મોટુ કુટુંબ :

મોટું કુટુંબ હોવાને કારણે પરીવારના બધા સભ્યોને કામ મળતું નથી આવી સ્થિતિમાં બાળકની આવક મદદરૂપ બને છે ઉત્પાદકો ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરવા સસ્તી મજૂરી પર બાળકોને રોકે છે.

૫. કુટુંબમાં કોઈ પુખતવયની વ્યકિત કમાણી કરી શકે તેવી ન હોય તેવા સંજોગોમાં બાળકોને મજૂરીએ રાખવામાં આવે છે.અસંગઠિત હોવાને લીધે યુનિયન બનાવી શકતા નથી એટલે પસંદગી કરવામાં આવે છે.

૬.ગામના ઠેકેદારો,જમીનદારો એવુ માને છે કે કેટલીક ઉત્પાદન પ્રવૃત્તિઓમાં બાળકોના કુમળા આંગળા ઝડપથી કામ કરે છે.જયારે પુખ્તવયની વ્યકિતઓ એવી અપેક્ષા પ્રમાણે કામ કરવા અસમર્થ હોય છે.આથી ચાના પતા ચૂટવામાં, દિવાસળી, ફટાકડા બનાવવા, ગાલીચા વણવા,અગરબત્તી વણવી,હીરા અને અકીક ઘસવામાં બાળમજૂરોનો ઉપય ેાગ થાય છે.

૭. પરીવારોના સભ્ય ઘ્વારા આચરવામાં આવતા અત્યાચારોને કારણે બાળકોને મજૂરી કરવા મજબૂર બનવું પડે છે શરાબી પિતા હોય અથવા અપર માતા–પિતા હોય તેવા સંજોગોમાં બાળકો ઉપર અત્યાચારો આચરવામાં આવે છે એટલે બાળકોને વધારે સમય કામ કરવું પડે છે.

૮. કેટલાક હુન્નરોમાં બાળકો પુખ્તવયની વ્યકિત કરતા વધારે ઉત્પાદન આપે છે જેમ કે ગાલીચા વણવામાં બીડી વાળવી એટલે બાળમજૂરોને રાખીને તેને તાલીમ આપી તૈયાર કરવામાં આવે છે.

૯. બાળકો શિક્ષણ તરફ રસ દાખવતા નથી પરિણામ પરીક્ષામાં વારંવાર નિષ્ફળતા મળેછે શાળામાં સતત ગેરહાજર હોય છે અને શાળા છોડીને મજૂરી તરફ વળી જાય છે.પૈસાની લાલચને તેઓ રોકી શકતા નથી જેમાં માતા–પિતાની માહિતીનો અભાવ પણ જવાબદાર હોય છે.

૧૦. ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણની સુવિધાનો અભાવ હોયવાને કારણે બાળકો મજૂરી કરવા તરફ વળે છે.

આમ, આવા અનેક કારણોને બાળમજૂરી માટે જવાબદાર માનવામાં આવે છે.કેટલાક માલિકો એમ માને છે કે બાળમજૂરીથી બાળકોમાં ભૂખમરો અટકે છે.અપરાધી બનતા અટકે છે.ઉઘોગોને લાભ થાય છે. અને એમનો સ્વાર્થ સંતોષાય છે.

**ઉપસંહાર :**

કાયદાઓ અને સમિતિઓ ગમે તેટલી હોય પણ તેને વ્યાપક જનમતનું અનુમોદન અને ટેકો અનિવાર્ય છે.વ્યાપક લોકશિક્ષણ અને લોકમત ઘડતર નું કાર્ય કરવાની આવશ્યકતા છે.બાળમજૂરી સમાજનું દૂષણ છે.એ વાતનો વ્યાપક પ્રચાર અને પ્રસાર કરવાની જરૂર છે.બાળમજૂરીમાં બાળકોનું ખૂબ જ શોષણ થાય છે.અને બાળ મજૂરી એ સમાજ માટે શરમજનક સમસ્યા છે.